## તારીખ ૧૯મી ડિસે. ૨૦૧૪નાં રોજ બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૧૯મી ડિસે. ૨૦૧૪ને શુક્રવારનાં બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ બેઠક માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| પ્રો.ડૉ. શ્રી બી.એસ.પટેલ —અધ્યક્ષશ્રી<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી,<br>ડીનશ્રી, શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા,કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી એમ.જી.ઠક્કર —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી ત્રિકમભાઈ બી. છાંગા —સભ્યશ્રી<br>કોર્ટ સભ્યશ્રી અને પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા પંચાયત, ભુજ. | ગેર હાજર |
| શ્રી હરિસંગ ઘનુભા જાડેજા —સભ્યશ્રી<br>કોર્ટ સભ્યશ્રી અને નોંધાયેલ સ્નાતક, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી ડૉ.એસ.જી.ધર્માણી —સભ્યશ્રી<br>આચાર્યશ્રી,તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,આદિપુર— કચ્છ. | હાજર |
| પ્રો.ડૉ.શ્રી પી. એન.દવે —સભ્યશ્રી<br>પ્રોફેસર,રસાયણશાસ્ત્ર ભવન,કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ. | હાજર |
| ડૉ. શ્રી એસ.એલ.ભંડારી —સભ્યશ્રી<br>રીડર,અર્થએન્ડએન્વા સાયન્સ ભવન,કે.એસ.કે.વીકચ્છ યુનિવર્સિટી, ભુજ | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ—કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ —કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એમ.જી.ઠક્કર — સેક્રેટરી<br>( કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :

પાના નંબર : ૨ : ૫૨ ચાલુ..

ગત સભાની મિનિટ્સનું વાચન કરવામાં આવ્યુ.ગત સભાની મિનિટ્સના ઠરાવ –૧૨ મુજબની સ્થાનિક તપાસ સમિતિએ અહેવાલ રજૂ કરેલ નથી તે સંજોગોમાં જે કોલેજમાં અગાઉના વર્ષ ૨૦૧૩–૧૪માં વર્ગ દીઠ સંખ્યા, વધારો માન્ય રાખેલ હતો તેટલી જ સંખ્યા વધારવા ૨૦૧૪–૧૫મા પણ માંગણી હતી તે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું. તથા ઠરાવ નં.૧૪ સંદભમાં MKCL પૂનામાં વહીવટી કોમ્પ્યુટર વિભાગના ત્રણ કર્મચારી તાલીમ લઈ આવ્યા. જાન્યુઆરી –૨૦૧૫ની તા.૨–૧–૨૦૧૫ના રોજ યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ તથા કોલેજોના વહીવટી કર્મચારીઓ માટે Digitalizationની તાલીમ રાખવામાં આવી છે તેમાં EC ના સભ્યોને પણ આમંત્રણ આપવાનુ નકકી કરવામાં આવ્યુ અને નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧ :** ગત તારીખ ૨૬મી ઓગ્ષ્ટ ૨૦૧૪ના રોજની સભાની મિનિટ્સ નોંધને બહાલ રાખવામાં આવે છે.

**૨. ડીગ્રી સર્ટીફિકેટની ફી સંબંધિત કોર્સના છેલ્લા સેમેસ્ટરની સાથે કોલેજો ઉઘરાવીને યુનિવર્સિટીમાં ભરે છે તે બંધ કરવાની યુનિવર્સિટી જાહેરાત કરે ત્યારે યુનિવર્સિટીમાં જ જમા કરાવવા બાબત :**

ડીગ્રી સર્ટીફિકેટની ફી સંબંધિત કોર્સના છેલ્લા સેમેસ્ટરની સાથે કોલેજો ઉઘરાવીને યુનિવર્સિટીમાં ભરે છે તે બંધ કરવાની યુનિવર્સિટી જાહેરાત કરે તે બાબતે થયેલ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૨ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ડીગ્રી સર્ટીફિકેટ સંબંધિત ફી સ્નાતક માટે સેમેસ્ટર–૫ અને અનુસ્નાતક માટે સેમેસ્ટર–૩ની પરીક્ષા ફી સાથે યુનિવર્સિટીમાં ભરવાની રહેશે.**

**૩. કોન્વોકેશન બાબતે નિર્ણય લેવા હાઈ પાવર કમિટિની રચના કરવા બાબત :**

ફેબ્રઆરી–૨૦૧૫માં યોજાનાર કોનવોકેશન માટે જરૂરી તૈયારીઓ માટેનાં નિર્ણયો ઝડપથી લઈ શકાય તે માટે EC ની એક હાઈ પાવર કમિટિની રચના કરવા અંગે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૩ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના પાંચમા કોન્વોકેશનની તૈયારીઓ માટે નિર્ણયો લેવા માટે પાંચ સભ્યોની હાઈ પાવર કમિટિના સભ્યો નીચે મુજબ નકકી કરવામાં આવ્યા.**

પાના નંબર : ૩ : પર ચાલુ..

૧. શ્રી નવલસિંહ એમ. જાડેજા —અધ્યક્ષશ્રી
એક્ઝિ.કાઉ.ના સભ્યશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ.

૨. પ્રો.ડૉ.શ્રી પી. એન.દવે —સભ્યશ્રી
એક્ઝિ.કાઉ.ના સભ્યશ્રી અને પ્રોફેસર,રસાયણશાસ્ત્ર ભવન,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ.

૩. ડૉ.કે.એમ.ત્રિવેદી —સભ્યશ્રી
એક્ઝિ.કાઉ.ના સભ્યશ્રી, અને એસો.પ્રોફેસર,સંસ્કૃતભાષા ભવન,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ.

૪. ડૉ. શ્રી એસ.એલ.ભંડારી —સભ્યશ્રી
એક્ઝિ.કાઉ.ના સભ્યશ્રી, અને એસો.પ્રોફેસર,અર્થએન્ડએન્વા સાયન્સ ભવન,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ.

૫. ડૉ.શ્રી એમ.જી.ઠક્કર —સભ્યશ્રી
એક્ઝિ.કાઉ.ના સભ્યશ્રી તથા ઈન્ચાર્જ રજીસ્ટ્રાર, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.

**૪. યુવા મહોત્સવ ૧૧નો ખર્ચ મંજૂર કરવા બાબત :**

અગિયારમાં યુવા મહોત્સવનો ખર્ચ રૂા.2,81,345 થયો તેનું વિગતવાર વાંચન થયું અને તે અંગે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u>** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનો અગિયારમાં યુવા મહોત્સવ તા. ૧૮/૧૦/૨૦૧૪ને શનિવારે યોજાયો. તેનો ખર્ચ કુલ રૂા.**2,81,345** થયો જે મંજૂર રાખવામાં આવે છે.

**૫. સ્ટેચ્યુટ્સમાં ડીગ્રી,ડીપ્લોમા, સર્ટીફિકેટનાં નામ ઉમેરવા બાબત :**

The Kachchh University Act,2003 ની કલમ 31 (1) અનુસાર એક્ઝિક્યૂટીવ કાઉન્સિલે તા. ૧૭–૧–૨૦૦૯ની મિટિંગમાં દરખાસ્ત કરેલ સ્ટેચ્યુટ્સને શિક્ષણ વિભાગનાં સચિવાલય ગાંધીનગરનાં તા. ૭–૫–૨૦૧૦ના નોટિફિકેશનથી ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરેલ છે. એકટની કલમ ૩૧(૧) મુજબ એક્ઝિક્યૂટીવ કાઉન્સિલ તેમાં સુધારો કરીને સ્ટેચ્યુટ્સની કલમ ૯૪.૭(૬)માં Faculty of Medicine Bachelor of Surgery લખેલ છે તેની નીચે ઉમેરવું.

૨. Master of Surgery

M.S.( General Surgery)

M.S.( ENT)

M.S.( Anatomy)

પાના નંબર : ૪ : પર ચાલુ..

Doctorate of Medicin

M.D.( Pathology)

M.D.( Microbiology)

M.D.(Pharmacology)

M.D.( Phisiology)

M.D.( Obstract and Gynecology)

અને

૯૪.૭(૩)માં Faculty of Science માં

7. Bachelor of Computer Application (B.C.A.)લખેલ છે તેની નીચે ઉમેરવું.

8. Bachelor of Vocation (B. Voc. - ............. )

જેમાં .........માં સંબંધિત વિષય લખવા અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૫ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સ્ટેચ્યુટ્સની કલમ ૯૪.૭(૩)માં ઉપરોક્ત સુધારા ગુજરાત સરકારશ્રીની મંજૂરી માટે મોકલવવા.**

**૬. છઠ્ઠા પગારપંચ મુજબનું બાકી એરિયર્સ ચૂકવવા બાબત :**

ટિચિંગ અને નોન ટિચિંગ સ્ટાફનું એરિયર્સ ચૂકવવા અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૬:** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગની મંજૂરીથી નિમણૂક કરાયેલા અધ્યાપકો અને ચાર ડેટા એન્ટ્રી ઓપરેટરોને સરકારશ્રીના પરિપત્રોને આધિન ચૂકવવાપાત્ર થતું અને બાકી હોય તેવું છઠ્ઠા પગાર પંચ મુજબનું એરિયસ ચૂકવવું.**

**૭. સ્વનિર્ભર કોલેજોના અધ્યાપક NET / SLET/ Ph.D. હોય તેઓને માસિક 16500/ રૂ.ચૂકવવા બાબત :**

એકેડમિક કાઉન્સિલની તા.10-05-2013ની સભાના ઠરાવ–૪ મુજબ સ્વનિર્ભર કોલેજોનો સ્ટાફ **NET / SLET/ Ph.D.** હોય તેને 16500 રૂ.વેતન આપવા અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

પાના નંબર : ૪ : ૫૨ ચાલુ..

**ઠરાવ : ૭ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી સંલગ્ન, સ્વનિર્ભર કોલેજોના અધ્યાપક સહાયક NET / SLET/ Ph.D. હોય તેઓને રૂા. 7500 ની જગ્યાએ રૂા. 16500 ફિક્સ વેતન હોવાનું સ્વીકારેલ છે.

૮. **ઈન્ચાર્જ એલાઉન્સની રકમ અને ખર્ચ હેડના નિર્ણય બાબત :**

ઈન્ચાર્જ એલાઉન્સની રકમ અને ખર્ચ હેડના નિર્ણય કરવા અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૮ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની વહીવટી જગ્યાઓ ઉપર ઈન્ચાર્જ તરીકે વધારાનો કાર્યભાર ધરાવનાર કર્મચારીઓને ચૂકવવાનાં ઈન્ચાર્જ એલાઉન્સની માસિક રકમ નકકી કરવા માટે નીચેના સભ્યોની સમિતિ બનાવી જેનો અહેવાલ રજૂ થયે ફેર વિચારણા માટે રજૂઆત કરવી.

૧. શ્રી ડૉ.એસ.જી.ધર્માણી
એક્ઝિ.કાઉ.ના સભ્યશ્રી,અને આચાર્યશ્રી, તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર– કચ્છ.

૨. ડૉ.શ્રી આર.એમ.શાહ
એક્ઝિ.કાઉ.ના સભ્યશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ.

૯. **એકડેમિક કાઉન્સિલે ભલામણ કરેલ કોલેજો અને વિષયોના નવા/ચાલુ/કાયમી/વધારાના જોડાણ બાબત :**

એકેડેમિક કાઉન્સિલની તારીખ ૧૨મી નવેમ્બર ૨૦૧૪ના રોજ મળેલ સભાની કાર્યસૂચિ ક્રમાંક :૫: અંતર્ગત થયેલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી નવા અભ્યાસક્રમો શરૂ કરવા સંબંધે આગળની કાર્યવાહી હાથ ધરવા,શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ અન્વયે યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ અંગે રજૂ થયેલ જોડાણ અરજીઓ સંબંધે હાથ ધરાયેલ કાર્યવાહી અંતર્ગત નિમાયેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલો અંગે મેળવવાપાત્ર જોડાણ જાહેરનામાં સંબંધે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારશ્રીને દરખાસ્તો રજૂ કરવા તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ સંદર્ભે યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ સંબંધિત કાર્યવાહી અંતર્ગત સ્થાનિક તપાસ સમિતિની નિમણૂક કરવા તથા UGC થી મંજૂર થયેલ B.Voc અભ્યાસક્રમ શરૂ કરવા અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

પના નંબર : ૬ : પર ચાલુ..

**ઠરાવ : ૯ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી નવા અભ્યાસક્રમો, કોલેજો શરૂ કરવા સંબંધે મળેલ જોડાણ અરજીઓ અંગે આગામી સભામાં વિચારણા કરવામાં આવશે.

૨૦૧૨-૧૩ તથા

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ અન્વયે યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમો અંગે નિમાયેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલો એકેડમિક કાઉન્સિલમાં રજૂ થયા હતા તેમાં મળવાપાત્ર જોડાણ જાહેરનામા સંબંધે શિક્ષણ વિભાગ,ગુજરાત સરકારશ્રીને દરખાસ્તો રજૂ કરવા એક્ઝિક્યૂટીવ કાઉન્સિલમાં ભલામણ અથે રજૂ કરવા ઠરાવેલ તે સંદર્ભે ચાલુ જોડાણ અંગે આગળની કાયવાહી હાથ ધરવાની માનનીય કાયકારી કુલપતિશ્રીને સતા આપવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ સંદર્ભે યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ સંબંધિત સ્થાનિક તપાસ સમિતિઓની નિમણૂક કરવાની સત્તા માનનીય કાર્યકારી કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

**૧૦. ફીક્સ વેતન કર્મચારીઓનાં પગાર વધારવાની સમિતિના નિર્ણય બાબત :**

ફિક્સ વેતન પર ફરજ બજાવતાં અધિકારી / કર્મચારીઓનાં ફિક્સ વેતન વધારા બાબતે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૦ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,સદર બાબત હવે પછીની સભામાં ચર્ચા અર્થે રજૂ કરવી.

**૧૧. વન–ટાઈમ કેચ અપગ્રાન્ટનાં કામનાં ઓર્ડર આપવા બાબત :**

વન–ટાઈમ કેચ અપગ્રાન્ટનાં કામોનાં ઓર્ડર આપવા સંબંધિત કામગીરી અન્વયે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. વર્ક ઓર્ડર આપવા અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૧ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, વન ટાઈમ કેચ અપ ગ્રાન્ટ માંથી કરવાનાં કામોનાં વર્ક ઓડર બાબતે નિયત સમય મર્યાદા જતી રહી હોવાથી રી–ટેન્ડરીંગ કરવાનું તથા અગાઉ ટેન્ડર ભરનારાઓને EMD પરત કરવી.

**૧૨. પરીક્ષા શુધ્ધી સમિતિના અહેવાલ મુજબ જાહેરનામુ બહાર પાડવા બાબત :**

પરીક્ષા શુધ્ધિ સમિતિના નિર્ણયો તા.૨૫/૧૧/૧૪ના જાહેરનામાને બહાલી આપવા તથા ત્રણ અનિર્ણત કેસના નિર્ણય અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

પાના નંબર : ૭ : પર ચાલુ..

**ઠરાવ : ૧૨ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, તા.૨૫/૧૧/૧૪ના રોજનાં જાહેરનામાને બહાલી આપવામાં આવે છે તથા અનિર્ણિત કેસોનાં યોગ્ય નિર્ણય માટે ત્રણ સીનિયર સભ્યોની સમિતિ બનાવી સત્વરે કાર્યવાહી હાથ ધરવી અને ભલામણ મળ્યે જાહેરનામુ બહાર પાડવું

૧. શ્રી ડૉ.એસ.જી.ધર્માણી
એક્ઝિ.કાઉ.ના સભ્યશ્રી,અને આચાર્યશ્રી, તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર– કચ્છ.

૨. પ્રો.ડૉ.દર્શનાબેન ધોળકિયા
અધ્યક્ષાશ્રી અને પ્રોફેસર– ગુજરાતી ભાષા ભવન,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ.

૩. ડૉ. શ્રી એલ.વી.ફફલ.
કાર્ય.આચાર્યશ્રી, એસ.ડી.શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન, મુન્દ્રા–કચ્છ.

**૧૩. ક્વોટેશન,વર્તમાનપત્રમાં ટેન્ડર અને ઈ–ટેન્ડરની બાબતે મર્યાદા નક્કી કરવા બાબત :**

ક્વોટેશન,વર્તમાનપત્રમાં ટેન્ડર અને ઈ–ટેન્ડરની બાબતે મર્યાદા નક્કી કરવા અંગેની ચર્ચા વિચારણા કરીને નિર્ણય લેવામાં આવ્યા.

**ઠરાવ : ૧૩:** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર બાબત ફાઈનાન્સીયલ સમિતિમા મુકવી ત્યાર બાદ ચર્ચા અર્થે રજૂ કરવી.

**૧૪. અધ્યાપન / પરીક્ષણ/ નિરક્ષણના ચૂકવાતા દરોમાં સુધારણા બાબત :**

અધ્યાપન / પરીક્ષણ/ નિરક્ષણના ચૂકવાતા દરોમાં સુધારણા અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૪ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર બાબત આગામી સભામાં ચર્ચા અર્થે રજૂ કરવી.

**૧૫. યુનિવર્સિટી બિલ્ડિંગ,પાણી વ્યવસ્થા,ગટર વ્યવસ્થા,સુથારી કામ, વીજળી વ્યવસ્થા વગેરેના સમારકામ અને નવીનીકરણની કરાવવા રાજ્ય સરકારશ્રીની મળનાર ગ્રાન્ટના ઉપયોગ માટેનાં ટેન્ડરો બહાર પાડવા બાબત આગોતરા આયોજન બાબત :**

યુનિવર્સિટીની જંગમ અસ્કયામતોનાં રખરખાવ સંબંધે રાજ્ય સરકારશ્રીની મળનાર ગ્રાન્ટના ઉપયોગ માટેનાં ટેન્ડરો બહાર પાડવા બાબત આગોતરા આયોજન કરવા અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

પાના નંબર : ૮ : ૫ર ચાલુ..

**ઠરાવ : ૧૫ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીને મળનાર સમારકામ અને નવીનીકરણ અનુદાન માંથી કરવાની કામગીરી માટેનાં આયોજનમાં પરચેસ કમિટિની મદદ લેવી.

**૧૬. પરીક્ષા કાર્ય માટે એક હાઈ સ્પીડ ઝેરોક્ષ મશીન ખરીદવા બાબત :**

પરીક્ષા કાર્ય માટે એક હાઈ સ્પીડ ઝેરોક્ષ મશીન ખરીદવા અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૬ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,પરીક્ષા વિભાગ માટે હાઈસ્પીડ ઝેરોક્ષ મશીન પરચેસ કમિટિ મારફતે DGSND ના નિયત દર મુજબ ખરીદી કરવી.

**૧૭. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

**(૧) પ્રોગ્રામરને રીકોલ કરવા બાબત :**

શ્રી અમર મહેતાએ તા.૪–૧૦–૨૦૧૪ની સાદર રજૂ નોંધ મુજબ કોમ્પ્યુટર વહિવટીમાં પ્રોગ્રામર ચાર હતા તેમાંથી હાલે બે જ કાયરત છે તે પૈકી પણ એક બિમાર હોવાથી રજા ઉપર જતાં માત્ર એક જ પ્રોગ્રામર કામગીરીને પહોંચી વળે તેમ ન હોય, આ બાબત ધ્યાને લેતાં આગળ અભ્યાસ માટે ગયેલા પ્રોગ્રામરને રીકોલ કરી મદદ લેવા અંગે ચર્ચા કરી નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૭ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, આગળ અભ્યાસ માટે ગયેલા પ્રોગ્રામર જયરાજસિંહને માસિક રૂા. ૧૦,૦૦૦ લેખે વાઉચર ઉપર તદ્દન હંગામી ધોરણે પરત બોલાવી સેવા મેળવવી.

**(૨) T.Y.MBBS Part – I & Part – II ની પરીક્ષા ફી વધારામાં ફેર વિચારણા માટેની મળેલ રજૂઆત બાબત :**

**ઠરાવ : ૧૮ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, T.Y.MBBS Part – I & Part – II ની પરીક્ષા ફી ફેબ્રુઆરી ૨૦૧૪ની એક્ઝિક્યૂટીવ કાઉન્સિલની સભામાં વધારવામાં આવી હતી તે ચાલુ રાખવી.

**(૩) પરીક્ષા કેન્દ્રોમાં થતી અશિસ્ત બાબતે અહેવાલ તૈયાર કરી ECમાં વિચારણા માટે મુકવા બાબત.**

પાના નંબર : ૯ : પર ચાલુ..

**ઠરાવ : ૧૯:** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,પરીક્ષા કેન્દ્રોમાં થતી અશિસ્ત બાબતે અહેવાલ તૈયાર કરવા નીચે મુજબની સમિતિનોની રચના કરવામાં આવી.

<u>રાપર કેન્દ્ર માટેની સમિતિ :</u>

૧. શ્રી નવલસિંહ એમ. જાડેજા
એકિઝ.કાઉ.ના સભ્યશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ.

૨. શ્રી હરિસંગ ઘનુભા જાડેજા
એકિઝ.કાઉ.ના સભ્યશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ.

૩. પ્રો.ડૉ.શ્રી પી. એન.દવે
એકિઝ.કાઉ.ના સભ્યશ્રી અને પ્રોફેસર,રસાયણશાસ્ત્ર ભવન,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ.

<u>કનકપૂર કેન્દ્ર માટેની સમિતિ :</u>

૧. ડૉ. શ્રી આર.એમ.શાહ
એકિઝ.કાઉ.ના સભ્યશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ.

૨. ડૉ.કે.એમ.ત્રિવેદી
એકિઝ.કાઉ.ના સભ્યશ્રી, અને એસો.પ્રોફેસર,સંસ્કૃતભાષા ભવન,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ.

ભચાઉ કેન્દ્ર માટે વિદ્યાથીઓની રજૂઆત ધ્યાને લેતાં સ્થાનિક આગેવાનોની પરીક્ષા કેન્દ્રમાં શિસ્ત જાળવવાની બાહેધરી લઈને પરીક્ષા કેન્દ્ર આપવા હકારાત્મક વિચારવાનું નકકી થયું.

અન્ય કોઈ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

કાર્ય. કુલસચિવ
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ